**DDD-001-001524** Seat No. ________

**B. A. (Sem. V) (CBCS) Examination**

**April / May – 2015**

**Gujarati : Course - 13**

**(Sahityana Siddhanto - 1)**

**Faculty Code : 001**

**Subject Code : 001524**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) પ્રશ્ન ક્રમાંક - 1 M.C.Q. 20 ગુણના છે.

(2) પ્રશ્ન ક્રમાંક-૨ થી ૫ વર્ણનાત્મક 50 ગુણના છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

(3) જમણી બાજુના અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.

(4) પ્રશ્નક્રમાંક - 1 M.C.Q. સહિત બધા જ પ્રશ્નોનાં જવાબ ઉત્તરવહીમાં આપવાના છે.

**વિભાગ-1**

1 નીચેના પ્રશ્નોના આપેલા ચાર વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. **20**

(1) ભરતગૂંથણ, કેશગૂંફન, મ્હેંદી વગેરે કલાઓનો કઇ કલામાં સમાવેશ થાય છે ?

(A) લલિતેતર કલા (B) શ્રાવ્યકલા

(C) લલિતકલા (D) આનંદકલા

(2) શિલ્પકલાનું ઉપાદાન કયું છે ? અને કેટલા પરિમાણીય છે.

(A) પત્થરનો ટૂકડો અને દ્વિપરિમાણીય

(B) પત્થરનો ટૂકડો અને ત્રિપરિમાણીય

(C) પત્થરનો ટૂકડો અને શૂન્ય પરિમાણીય

(D) ફલક અને ત્રિપરિમાણીય

(3) સંગીત કલાનું ઉપાદાન કયું છે ? અને કેટલા પરિમાણીય છે ?

(A) સૂર અને દ્વિપરિમાણીય (B) સૂર અને ત્રિપરિમાણીય

(C) સૂર અને શૂન્ય પરિમાણીય (D) શબ્દ અને શૂન્ય પરિમાણીય

(4) 'લટરેચર ઓફ પાવર'ને ગુજરાતીમાં શું કહે છે ?

(A) લલિત સાહિત્ય (B) લલિતેતર સાહિત્ય

(C) કથા સાહિત્ય (D) કાવ્ય સાહિત્ય

(5) 'શબ્દાર્થૌ' સહિતૌ કાવ્યમ્' કાવ્ય સાહિત્યની આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) રુદ્રટ (B) ભામહ્

(C) રાજશેખર (D) મમ્મટ

(6) 'રમણીયાર્થ પ્રતિપાદકઃ શબ્દઃ કાવ્યમ્' જેવી સાહિત્યની વ્યાખ્યા આપનાર સંસ્કૃત મીમાંસક કોણ હતા ?

(A) જગન્નાથ (B) ભામહ્

(C) રાજશેખર (D) મમ્મટ

(7) "Poetry is the best words in their best order" સાહિત્યની આ વ્યાખ્યા કયા વિદ્વાને આપી ?

(A) લોન્જાઇનસ (B) ડ્રાઇડન

(C) કોલરિજ (D) શેલી

(8) અંગ્રેજી 'Romantic' શબ્દની બહુ નજીકનો ગુજરાતી પર્યાય કયો ?

(A) સૌષ્ઠવપ્રિય (B) કૌતુકપ્રિય

(C) રૂપદર્શી (D) પ્રશિષ્ટતાવાદી

(9) કાવ્યમાં અલંકારનું સ્થાન કેવું છે ?

(A) આવશ્યક (B) અનિવાર્ય

(C) ફરજિયાત (D) એકેય નહીં.

(10) પરંપરા સાથે અનુસંધિત સર્જકને કેવો સર્જક કહેવાય ?

(A) વાસ્તવવાદી (B) સૌષ્ઠપ્રિય

(C) કૌતુકપ્રિય (D) અતિવાસ્તવવાદી

(11) અભિનવગુપ્ત કોને કાવ્યનો આત્મા કહે છે ?

(A) રસ (B) ધ્વનિ

(C) વક્રોક્તિ (D) રમણીયતા

(12) છંદને કારણે કાવ્યમાં શું પ્રાપ્ત થાય છે ?

(A) નિશ્ચિત અર્થ (B) નિશ્ચિત લય

(C) નિશ્ચિત કવિ (D) નિશ્ચિત સંવેદન

(13) રતિ, હાસ, શોક, ક્રોધ, ભય, ઉત્સાહ, જુગુપ્સા, વિસ્મય અને નિર્વેદ એ શું છે ?

(A) સ્થાયી ભાવ (B) સંભારી ભાવ

(C) સાત્ત્વિક ભાવ (D) રસ

(14) શ્રૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભૂત એ શું છે ?

(A) સ્થાયી ભાવ (B) સંચારી ભાવ

(C) સાત્ત્વિક ભાવ (D) રસ

(15) 'વિભાવાનુભાવવ્યભિચારી સંયોગાદ્‌રસનિષ્પતિઃ' - રસનું આ સૂત્ર કોણે આપ્યું છે ?

(A) ભરત મુનિ (B) આનંદવર્ધન

(C) મમ્મટ (D) અભિનવગુપ્ત

(16) અંગ્રેજી 'Symbol' ના પર્યાય તરીકે ગુજરાતીમાં કયો શબ્દ પ્રયોજાય છે ?

(A) ગુણ (B) કલ્પન

(C) પુરાકલ્પન (D) પ્રતીક

(17) મુખ્યાર્થનો બાધ થતાં બીજો અર્થ આપનાર શકિતને કઇ શબ્દશકિત તરીકે ઓળખવામાં આવે છે.

(A) લક્ષણા (B) અભિધા

(C) વ્યંજના (D) તાત્પર્ય

(18) 'અંતઃસ્તવ' માટે અંગ્રેજીમાં કયો શબ્દ વપરાય છે ?

(A) Content (B) Method

(C) Form (D) Image

(19) 'આકૃતિ' માટે અંગ્રેજીમાં કયો શબ્દ વપરાય છે ?

(A) Conten (B) Matter

(C) Form (D) Image

(20) કૃતિમાં સ્વરૂપ અને શૈલી મળી શું બને છે ?

(A) અનુભૂતિ (B) આકૃતિ

(C) અભિવ્યકિત (D) અંતઃસ્તત્વ

## વિભાગ-2

2 'લલિત કલાઓ અનેક છે, પણ સહિત્યકલા શ્રેષ્ઠ છે.' આ વિધાનના સંદર્ભમાં સાહિત્ય કલાની વિશેષતાઓ પ્રકટ કરો. 10

**અથવા**

2 લલિત તથા લલિતેત્તર કલાઓ વચ્ચેનો તફાવત દર્શાવી, સાહિત્ય કલાની લાક્ષણિકતાઓ જણાવો. 10

3 અભિધા, લક્ષણા અને વ્યંજના - વ્યાપરનો ભેદ સ્પષ્ટ કરી, તેમાંની એક શબ્દશક્તિનો વિગતે પરિચય કરાવો. 10

**અથવા**

3 સૌષ્ઠવપ્રિય, કૌતુકપ્રિય અને વાસ્તવવાદ- સાહિત્ય પદ્ધતિઓનો વિગતે પરિચય કરાવો. 10

4 (અ) અને (બ) વિભાગમાંથી એક-એક ટૂંકનોંધ લખો. 8

(અ) (1) છંદનુ કવિતામાં સ્થાન

(2) કલ્પન

(બ) (1) ભાવ-સ્થાયી, સંચારી, વિભાવ, અનુભાવ 8

(2) પ્રતીક

5 કોઈ પણ **બે** પ્રશ્નોના ઉત્તર આપો : 14

(1) અંતઃસ્તત્વ અને આકૃતિનો પરિચય કરાવો.

(2) અલંકારનું સ્વરૂપ સ્પષ્ટ કરી, કાવ્યમાં તેનું સ્થાન.

(3) લલિતકલાની વિશિષ્ટતાઓ જણાવો.

(4) લક્ષણાશક્તિની વિગતે ચર્ચા કરો.